"દ્વિવેદી બંધુર્વિજયતે."

(વાસણના મહાદેવ)

वैजनाथोत्पत्ति काव्य.

રચી પ્રસિદ્ધ કર્તા,

પ્રહ્‌લાદજી વૈજનાથજી દ્વિવેદી.

રૂપાલ તાલુકા કલોલ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦.

અમદાવાદઃ

"નિર્મળ" પ્રિન્ટિંગ પ્રેસ, મદનગોપાળની હવેલીમાં

લલ્લુભાઈ ઈશ્વરદાસ ત્રિવેદીએ છાપ્યું.

સંવત્ ૧૯૫૯. સને ૧૯૦૨.

કિંમત ૦-૨-૦.

પ્રસ્તાવના.

ખરે ! ખરે ! મારે મારી પોતાની ન્હાની ઉમ્મરમાંથીજ પુસ્તક કર્તા તરીકે બહાર પડવું ન જોઇએ, મેં જે વિષય પદ્યમાં રચવાનો પકડ્યો છે તે મને છાજે તેવો નથી અર્થાત્ તે વિષય લખનાર કોઇક વિદ્વાન્ પુરૂષ હોવો જોઇએ. તે પદ્યમાં વિવેચન કરવા મારી મતી શું, મારૂં જ્ઞાન શું, મારો અનુભવ શું, મારી અવલોકન શક્તિ શું, ઇત્યાદિમાંથી કંઇ પણ નથી એમ કહેવા ખમચાતો નથી; તોપણ એટલું તો હું બેધડક કહી શકું છું કે આ લઘુ પુસ્તક વાંચક વર્ગને કંટાળો આપનારૂં તો નહિ થઈ પડે.

મહાદેવનું દેવાલય સુંદિર સાત માળનું વાસણ તાલુકા કુલોલ ગામની પૂર્વે આશરે પોણો મેલ દૂર છે. તે કામ જાતે મહાદેવે કરાવ્યું છે એમ ઘણા પુરૂષો કહે છે.

આ પુસ્તકમાં વર્ણુવેલી બાબત દંતકથાની છે. તે કોઈ પ્રાચિન પુસ્તકના આધારે લખાએલી નથી, તેથી એ અનુભવ સિદ્ધ છે એમ કહી શકાતું નથી. મહાદેવનું અસલ નામ **વૈદ્યનાથ** હતું તેનો અપભ્રંશ થતાં હાલ લોકો તેને **વૈજનાથ** કહે છે, અને કેટલાક સ્થળે વાસણના મહાદેવ એમ પણ કહેવાય છે.

મારા પુજ્ય પિતાશ્રીના સ્નેહી (કચ્છ) ભાચુંદાના રહિશ ભણુશાલી હંસરાજભાઈ કરશનદાસ એઓશ્રીના સુકૃતિમય આચાર વિચાર, શંકરપર પ્રેમ, અને મારાપર બંધુભાવના સ્મરણાર્થે આ લઘુ પુસ્તકને જન્મ આપતાં તેમનું નામ ઘણા આનંદથી યાદ કરૂં છું.

આ મારો પહેલો પ્રયાસ છે, અને જુજ મુદતમાં જોઇતી મહેનત લઇ સાંભળેલી માહિતી કવિતારૂપે વર્ણવેલી છે. તેમાં ન્યૂનાધિક હોય તો આર્ય કૃપાળુઓએ ક્ષમા કરવી.

રૂપાલ,
મીતી શ્રાવણ શુકલ ૧૧. } લી. કર્તા.

કવિત. (ભાષા હિન્દી.)*

વાસણુ વસત વામ, વૈદ્યનાથ વર દાતા,
પરગટ પોતે ભઈ, ભેટયા સ્વપ્ને આયકે;
પરમા॰ પ્રતિમા ભારી, જીમરા ભોગીસી ઝટા,
ઝંધાપે બિરાજે ગૌરી, ઉછસુંનું ઠાય કે.
પટીર પુરણ ઘસી, ત્રિપુંડ્ર લલાટ કીનો,
ગ્રીવે રૂંઢ માલા હરી, ધર્યા હે મિલાયકે;
શામળ કહંત શોભા, સુંદિર દેવળ બની,
સુરપતિ ભૂલે ભ્રમે, ઉતરત આયકે. ૧

---

* આ કવિત મારા સ્નેહિકૃત હોવાથી દાખલ કર્યું છે.



॥ ओम् तत्स-परमात्मने नमः ॥

वेजन थोत्पत्ति काव्य.

દોહરા.

પ્રથમ નમી ગણનાથને, સમરૂં શારદ માત;
લ્હાવો લેવો વિશ્વમાં, દાતા તું સાક્ષાત. ૧
હામ ધરી તુજ નામની, લખું ગ્રથ હું એક;
જ્ઞાન નથીં મુજ અંગમાં, લખવા એહ વિવેક. ૨
પ્રજ્ઞા વધે જો માહરી, કથવા ગુણો ખાસ;
દ્વિદેવ મુજ ગનમાં વસી, પૂરો મારી આશ. ૩
વેદ મૂખથી જેહનો, ઉચ્ચાર શુભ પમાય;
ઉમંગ આપે એ સુતા, તો ગ્રંથ પુરણ થાય. ૪

ચોપાઈ.

સુશોભીત રાંધેજા ગામ, વસે કડવા તેણે ઠામ;
ખેતીવાડી ને વેપાર, બહુ સારો તેનો વેવાર. ૧
ગામતણો પટેલ કેવાય, કામ વદતાં તેહનું થાય;
સગાંસહોદર તેને સાર, ચતુર ઘણી છે ઘરમાં નાર. ૨

દોહરા.

ચાલ ગુણને ચાતુરી જૂવતિ સુંદિર વેશ;
રામા રૂપમાં તેની ઘણી, વર્ણવી શકે ન શેષ. ૧
તે નારીના વેણને, દેખી અતિ સોહાગ;

અભિમાન નીજ-પરહરી, પાતાળ પેસે નાગ. ૨
વદન સુધાકર એહનુ, પેખીને શોભાય;
ક્ષિણુ પામી ચંદ્રમા ઘણો, નભ માંહી સંતાય. ૩
તે સ્ત્રીના કુચ દેખીને, કુંજર હાર્યું કુળ;
ગજ ચાલ એ પેખીને, માથે ઘાલે ધૂળ. ૪
નરનારીની જોડથી, કામદેવ લોભાય;
રતીમદ નિજ પરહરી, ગૃહમાંહી સંતાય. ૫

ચોપાઈ.

અલખત ધણી છે તેને ઘેર, પ્રભૂની છે તેને મહેર;
વરણુ અઢારનો છે તે ભુપ, એવું દીપે તેનુ રૂપ. ૧
નરનારીમાં સારી પ્રીત, આનંદમય રહે તે નીત;
કલેશ ન થાય ઘરમાં એહ, એવો છે બન્નેમાં સ્નેહ. ૨
દામ થકી વશ કીધું ગામ, પ્રસિદ્ધ થયું છે ઘણું નામ;
ભાવસિંગ પટેલનું નામ, કરે સદા તે ન્યાયી કામ. ૩
એહ ગ્રહે એક સુંદિર ગાય, રોજે વનમાં ચરવા જાય;
બીજા ઢોર તણો નહિ પાર, ગૌપર રાખે પ્યાર અપાર. ૪
સાચી માની તેને દેવ, ભાવ થકી કરે નિત્ય શેવ;
રાખ્યો તેણે કિંકર એક, ગૌ શેવા કરવાને નેક. ૫

દોહરા.

તે ધેનને ચરાવતાં, કેવો રૂઠે નાથ;
દુઃખ દેતાં તેને ઘણાં, સગાં સહોદર સાથ. ૧
પટેલ દુઃખ કેવું સહે, કેવું થાએ કામ;
શિવ પ્રસન્ન તેને થયા, તે કથું હું તમામ. ૨

વાસણ ગામની ઉત્તરે, અઘોર વન કહેવાય;
હતું ભયાનક એ ઘણું, કો જનથી ન જવાય. ૧
રાંઘેજાના રહીશનો, રૈકો જાતે એક;
ધેનુ ચારવા ત્યાં જતો, રાખી રૂડો વિવેક. ૨
છેલ અતીશે ફાંકડો, સુખમા તેની સાર;
બહાદુર ભાઈ નામથી, બોલાવે નર નાર. ૩
વાઘતણા તે નાદથી, ડરે નહીં લવલેશ;
બળાધિષ્ટ તેતો ઘણો, અદ્દભુત તેનો વેશ. ૪
સિંહ નજર એને થયો, મારે તેને ઠાર;
સંભાળ રાખે પ્રેમથી, ગૌ મંડળની સાર. ૫
ચાર હાથની જેષ્ટિકા, અને ઢાલ તરવાર;
કટાર તેની કેડમાં, શોભાવે સુરવાળ. ૬
રણ ક્ષેત્રે જાણે ચઢે, એમ સજે શણગાર;
અજા બચાવે હામથી, અરિને કરી પ્રહાર. ૭
ઘાસ ચારો એ વનમાં, ખીલે બહુ બહુ ભાત;
ભક્ષ કરી આનંદથી, પશુ શોભાવે જાત. ૮
તરૂવર સુંદિર ત્યાંહ છે, ઘટા તેની અગાધ;
નજરે નિરખે એહ તો, તજી જાય પ્રમાદ. ૯
શુક સુંદિર એ વંનમાં, બીજાં પક્ષી અપાર;
મધુર સ્વરથી ગાય છે, કોકિલસમ ગાનાર. ૧૦
ફળ વીવિધ શુભ સ્વાદનાં, ઝુલતાં વૃક્ષની ડાળ;
એહનું ભક્ષણ ભાવથી, રોજ કરે ગોવાળ. ૧૧
એવા સુખ વૈભવમાં, પટેલ ગૌ છે જેહ;
ચારો માટે ત્યાં જતી, એમાં નહિ સંદેહ. ૧૨

રૂપ રંગ ને સિંગ સે, શોભીત શુભ અપાર;
એ સમો વડ અવર નહીં, ગૌમંડળ મોજાર. ૧૩
નિરખે તેને નજરથી, પાપ થકી દુર થાય;
ગુણુ એહના અગણિત છે, માપ કરે ન મપાય. ૧૪
પ્રતિપાળ તેનો ધણો, સુખી રહે દિન રાત;
ગામ જન સૌ એહને, બોલાવે કહિ માત. ૧૫
ચારા માટે વન જતાં, રહે તેહ રળિયાત;
સુખ વધે એહ પેખતાં, એવી તેની જાત. ૧૬
ઘણાં વરસ વીતી જતાં, કામ કરે છે એહ;
વનમાં દૂધ ઝરી ઘણું, ગ્રહે પધારે તેહ. ૧૭
પટેલ નિરખી એહને, સ્વાર્થ અંધથી ધાય;
ગ્રહી જેષ્ટિકા હસ્તમાં, ગૌ પ્રહારી થાય. ૧૮

ચોપાઈ.

મારે માર ઘણોજ પટેલ, થયો લોભમાં તેહ છટેલ;
ઘરની તેની નારી સાર, વારે તેને દેતાં માર. ૧
ધેનુ પામે અતીશય દુઃખ, નિસ્તેજ થયું તેનું મૂખ;
તોપણ અધિક ધરી તે રોષ, કટાં વચનના દેછે દોષ. ૨
રૂઠ્યો તેનો ત્યારથી દેવ, તજ્યો તેતો ધેનુની સેવ;
કરી ક્રોધ તે રાતો થાય, લોભમાંહી બહુ અંજાય. ૩
લોભ એહતો પાપનું મૂળ, થશે એહથી તેનું ધૂળ;
નથી બોલવાનોજ વિવેક, વદે મૂખથી નીચું છેક. ૪
રૈકાને દે ત્યાં બહુ ગાળ, દૂધ લેવાનો કરી વિચાર;
ઘણો થયો પટેલ ઉન્માદ, કર્યો રૈકા થકી બહુ વાદ.
ગોવાળ સુણી એહ વચન, સમજી તેને કર્યો સહન;

પછી બોલ્યો તેતો વાણ, સાંભળ પટેલ ચતુર સુજાણ. ૬
વચન વદો તમે નિચાં છેક, તેહ સહન કરૂં નહિં એક;
માતપિતા તમારાં જેહ, ધર્મવંત છે તેમનો દેહ. ૭
વદન એહનું નિરખી સાર, અચકું વદતાં તુચ્છ વિચાર;
ધેનુ ધણી છે મારે ઘેર, સમજો પટેલ મનમાં પેર. ૮
પટેલ સમજી એની વાત, ઉત્તમ જાણી તેની જાત;
વચન વદે તેતો બહુ સાર, સાંભળ શાણા તું ગોવાળ. ૯
તું સત્યવક્તા સાચો જાણ, માનું તારાં વચન પ્રમાણ;
કર્યું તાહરૂં ખુબ અપમાન, તે ધરશો નહિ પ્યારા કાન. ૧૦

દોહરા.

ઠીક કહી તેતો ગયો, ગૌ તણો ગોવાળ;
તે પછી જે જે નિપન્યું, વર્ણવું વાત રસાળ. ૧
પટેલ ચિંતાથી ઘણા, કરે અનેક વિચાર;
નારી તેની સુલક્ષણી, સમજાવે બહુ વાર. ૨
તો પણ મન માને નહીં, ધરે અતીશય રોષ;
ધાર્યું જવા જંગલમાં, જોવા તેના દોષ. ૩
બીજે દિને તેતો ગયો, ગૌની પાછળ ત્યાંય;
સાંજ સમય એતો ગઇ, વૃક્ષ સુંદિર છે જ્યાંય. ૪
સ્થિર થઈ તે ઉભી રહી, દૂધ ઝર્યું ત્યાં જેહ;
તેણે નિરખ્યું નજરથી, કૌતુક સરખું એહ. ૫
પટેલ ક્રોધે ત્યાં ગયો, કર્યો પ્રહાર તે શિર;
ધેનુ બહુ દુઃખી ત્યાં થતી, નયણે લાવી નીર. ૬
તેને હાંકીને ચાલતાં, આવી તે નિજ ઘેર;
સૌને વાત કરી બની, સમજી મનમાં પેર. ૭

પછી વિચારી મનમાં, કીધું એવું કામ;
બે ચાર જનને તે લેઈ, ગયો તેણે ઠામ. ૮
અતી શ્રમથી જોયું તો, નજરે નિરખ્યું એહ;
જળાધારી શિવની, એમાં નહિ સદેહ. ૯
પરીતાપ તેણે કરી, વીચાર્યું મન સાથ;
સેવા કરવી માહરે, એ છે દીનોનાથ. ૧૦
હર્ષ ધરી તેને ગ્રહે, આવી કીધી વાત;
ભટ એક બોલાવીઓ, પન્ડિત ભણેલ પ્રખ્યાત. ૧૧
પુજા કરવા તેને કહી, કરી રૂડી રિતભાત,
આરાધું અવિનાશિને, સાચો છે સાક્ષાત. ૧૨
પછી વિચારી એહને, ઠરાવ એવો કીધ;
ગૌ ચરવા નહિ મોકલું, એવું સમજી લીધ. ૧૩
છૂટી તેને નવ કરે, તે વારે તે ઢાર;
છે ગુણવંતિ જેહને, રાખે ગ્રહ મોજાર. ૧૪
પસ્તાવો તેતો કરી, ઝુરે મનની સાથ;
અન્નોદક લેતી નહી, દિલે ભજે નિજનાથ. ૧૫
એમ ઝુરી બે ત્રણ દી, મરણ પામી તે ગાય;
વીમાસણ મનમાં કરી, પટેલ દુ:ખી બહુ થાય. ૧૬
અરેરે મૈં શું કીધું, ઘણા લોભનું કામ;
સૌ ગુણ સંપન્ન સુરભી, દુ:ખી કરી આ ઠામ. ૧૭
અંન ઉદક તેતો તજી, ધરી રૂદ્રનું ધ્યાન;
જાતે પામી કષ્ટ બહુ, ગ્રહ્યું તેનું સન્માન. ૧૮
હું પાપી અભાગીઓ, થયો કરી ક્રુર કામ;
મુજ હૈયે લવલેશ પણ, રહે નહિ કંઈ હામ. ૧૯

વીલાપ એવો એહને, નીશા દિને બહુ થાય;
પટેલ વપુપર પેખતાં, પત રોગ દેખાય. ૨

રૂચિરા છંદ.

મારા મનમાં સાર સમજી, ગૌપર માર્યો માર ઘણો;
એ કારણથી આજે પત એ, સંગ કર્યો આ દેહ તણો.
રોગી થઇને ભોગો તજવા, શ્રાપ થયો એનો મુજને;
પામીશ દુઃખો ભારે જગમાં, વ્યાધિ થશે મારા તનને. ૧

દોહરા.

દારા મુદ માતા ઘણી, રહે દિવાને રાત;
એહ ભંગ આજે કરી, ધરે ઘણો ઉત્પાત. ૧
તરૂણ વય છે જેહની, લલિતા શુભ પ્રકાશ.
દુઃખ હારી પ્રયોગથી, હણવા ધરતી આશ. ૨
ઓષડ વાસડ પ્રેમથી, કરે વિધવીધ ભાત;
દરદ તેહનું પેખીને, કરે ક્ષીણ એ જાત. ૩
પટેલ પીડાતાં ઘણો, વરતાવે બહુ ત્રાસ;
તો પણ સારી રીતથી, રહે એહનીપાસ. ૪
ઘણો વખત વીતી જતાં, અંગે રૂધિર જાય;
દારા સારા સ્નેહથી, તેને સહાઈ થાય. ૫
એહ દુઃખની દુર્ગંધથી, કો નહિ પાસે જાય;
માત તાતને ભ્રાત એ, મન વિષે અકળાય. ૬
આકુળ વ્યાકુળ એ થતાં, ધારી રોષ અપાર;
નારીને દુઃખ આપતાં, અતિશય મારે માર. ૭
અકળાતાં તે ત્રાસથી, વદી વેણ અવિચાર;
સેવા તેની પરહરી, અળગી થઇ એ નાર. ૮

અરસપરસના પ્રેમમાં, પડ્યું ત્યાં ભંગાણ;
દરદ ઘણુંજ પટેલને, વાધ્યું અંગે જાણ. ૯
આંખે પાટા સમ થયો, માત પિતાને નાર;
ભ્રાતુ પણ ઘણા રોષથી, મારે તેને માર. ૧૦

(પટેલ વિલાપ) માલીની છંદ.

નગધર મમ આજે, ભામની નેહ મેલી,
ધિક ધિક ધિક ભાખી, ક્રોધથી થાય ઘેલી;
લઘુ સુત મુજ જે છે, તેહ રોષો ધરીને,
છટ છટ છટ કેતાં, લાત મારે ધસીને. ૧
દહન દહન દીલે, વેદના ભારી પામું,
અરર મુજ અભાગ્યે, કોઇ આવે ન સામું;
ગહન ગતિ વિધીની, કોઇથી ના કળાએ,
શશિધર તુજ ચર્ણે, પ્રેમથી લાગુ પાએ. ૨

મંદાક્રાંતા છંદ.

દારામારી બહુજ બકતી મૂખથી ગાળ દે છે,
ખાવા માટે જુદુજ મુજને આપવા તે ચહે છે;
રોગી કેતાં વિવિધ વચને ભાઈ મારા નડે છે,
ફાટયાં તૂટયાં વસન મુજને આપવા ના કહે છે. ૧

લલિત છંદ.

અરર ઓ પ્રભૂ ભૂજથી ખરી, સમજ વીણુ મેં ગૌ દુંખી કરી;
ચરર ચીત્ત તો એહથી થતું, નફ્ટ નામ તો થ્યું ઘણું છતુ. ૧
પલક એકમાં પાપ તો નડ્યું, પતજ નામથી દુઃખ તો પડ્યું;
કપટ પાપનું આમ તો નડે, તુરત અંગમાં ક્ષીણુતા પડે. ૨

કુંડળીઓ.

પટેલ ક્રોધિ મનમાં થઈ, ચાલિ નિકળ્યો બહાર,
રેવું યોગ્ય ન આ ગૃહે, તજી જવું સંસાર;
તજી જવું સંસાર, સુખ નહીં અહીં રહેતાં.
ધરૂં ધ્યાન કિરતાર, ઘણાં દુઃખો પણ સહેતાં,
માત તાતને ભ્રાત, માનૂની છે દુઃખદાઇ;
પ્રયાણ કર્યું વનમાં, પટેલ ક્રોધિ મનમાં થઇ. ૧

દોહરો.

રાત અંધારિ ઘોર છે, જાણે ખાવા ધાય,
એહ ભયાનક વનમાં, તેતો ચાલ્યો જાય, ૧
મનમાં ભય પામે ઘણું, થર થર કંપે જાત;
સુઝે પંથ નહિ એહને, ભયભીત લાગે રાત. ૨
નામ રસના એ શિવનું, મુખ જપતો તે જાય;
વ્યાધિ થાય અંગે ઘણી, પડે ખીણુમાં પાય. ૩
રડી અતિશય તે દુઃખથી, પાડે આંસુ અપાર;
કંટક વાગેથી ઘણી, શોણીત વહે ધાર. ૪
ચાલતાં તેને જોરથી, ચરણે વાગે ઠેશ;
મલિન વસ્ત્ર છે જેહનાં, વરવો લાગે વેશ. ૫
થાય નાદ ત્યાં સિંહનો, કંપાવે બહુ કાય;
અશુદ્ધે મન ડગે નહી, ચાલ્યો વનમાં જાય. ૬
અંગ અથડાતાં વૃક્ષને, દુખનો ન રહે પાર;
ઓ શિવ ઓ શિવ બોલતો, અવર નહીં ઉચ્ચાર. ૭
વરૂ વણીયર ને ચિતરા, રીછ ઘણી દે ફાળ;
ઘૂડ પક્ષીને ફાઉડી, બોલે બહુ શીયાળ. ૮

વૃક્ષ અનેક એ વનમાં, આંબ આંમલી સાર;
થુર બાવળ ને બોરડી, લિમડા બીલિ અપાર. ૯
એવા ધાડા અરણ્યમાં, રખડે વારંવાર;
ચરણે થાકયો તે ફરી, અટણુ કરીજ અપાર. ૧૦
પ્રશ્ચાતાપ પામી ઘણો, તજી બેઠો તે હામ;
ચીસ પાડે તે દુઃખથી, વદતાં શિવનું નામ. ૧૧
ભાનુદયે તે ઉઠીને, ગયો રૂદ્રને ઠામ;
નજરે ચઢયા અબધુત ત્યાં, ભારે છે સુખ ધામ. ૧૨
ચરણે નમીં તતકાળ તે, ચંપી કરવા ધાય;
તેતો હટ તેને કહી, પાછા હઠતા જાય. ૧૩
કાલાવાલા તે કરે, એહ ધરે નહિ કાન;
પટેલ અશ્રૂ આંખથી, પાડી ભૂલ્યો ભાન. ૧૪
બે ઘટિકા એ શુદ્ધિમાં, તેતો આવ્યો જયાંહ;
ફાળ ભરી ખુબ પ્રીતથી, ચરણે લાગ્યો ત્યાંહ. ૧૫
વિનય ઘણી રીતે કરી, વંદન કરતો સાર;
દુઃખો સાંભળો માહરાં, વર્ણવું આણીવાર. ૧૬
યોગી દયા પુરી કરી, કહેવા હુકમ દીધ;
એણે અત્યાનંદમાં, ચરણ પખાળી લીધ. ૧૭
નાથ તમો છો માહરા, રાખો મુજને સાથ;
આપ વીણુ હું અવરને, ભીડું કયાં જઇ બાથ. ૧૮
કથુ વૃતાંત હું માહરૂં, સુણો ધરીને ખંત;
મુને શરણુ રાખી પ્રભું, દુઃખનો આણો અંત. ૧૯

વસંતતિલકા છંદ.

ગૌ જે હતી મુજ ગ્રહે, ચરવા સિધાવે,

રોજે અહીં પય ઝરી, નિજ સ્થાન આવે;
ક્રોધી પુરો થઇ જ હું, ખુબ માર મારૂં,
ભારી દુઃખે મરણમાં, ગયું રત્ન સારૂં. ૧

શિખરણી વૃત.

સહું પીડા ભારી, જરૂર વળિ તેના મરણથી,
વહે હાથે અંગે, રૂધિર પત રોગે ચરણથી;
તજ્યો ભોગો હું તો, જગત જનમાંના વચનથી,
સગાં ક્રોથી મારે, વચન વદવામાં સુખ નથી. ૧

સ્રગ્ધરા છંદ.

પ્યારાં મારાં મુને તો, પ્રિતજ ખુબ તજી, પીડતાં માન મેલી,
દારા મારીજ સારી, તરલ નયની, થાય પેખી જ ઘેલી;
નાના બાળો મુને તો, જમણ જમતાં, ક્રોધથી ના કહે છે,
ભ્રાતૂ મારા પ્રસંગે નિચ નિચ વદિને જોરથી માર દે છે. ૧

માલિની વૃત.

ધર ધર ધર ધ્યાને, વીનતી આજ મારી,
હર હર હર કષ્ટો, પાપને તું વિદારી;
મિલકત મુજ લેવા, પાસ રેતાં હતાં જે,
નફ્ટ અધમ કેતાં, છે જુદાં એહ આજે. ૧

ભુજંગી છંદ.

અરે અંતરે વાત મારી ઉતારો, ઘણા દુઃખની ચાલ વેગે વિદારો;
વિમાશી હવે વાત વેગે વિચારૂં, તમે નાથ ભાવે હણો કષ્ટ મારૂં. ૧
પ્રજા છું તમારી સુધારો પમાડી, બચાવો મુને આપ પાપો હઠાડી;
કરૂં સેવના શુદ્ધ સાચે સ્વભાવે, કરો જો કૃપા તો ભવો પાર આવે. ૨

દોહરો.

કાલાવાલા એહના, યાદી યોગીરાજ;
પ્રસન્ન વદને તેહને, આપ્યું સેવક કાજ. ૧

પ્રમાણિકા છંદ.

ભલે સ્વયંભુ ભાવથી, અત્યારથી સદા ભજે;
રહી કરાર એહથી, મુને સહાય તુ થજે. ૧
ધરો તમે શરીરને, વિભૂતિ શુભ જેહ છે;
ખચીત એહથી કરી, મટી જવું સહેલ છે. ૨

દોહરા.

યોગી વદવું સુણતાં, હરષિત થયો અપાર;
નામ ભાવગિર ધરીને, નમી પડયો તે વાર. ૧
હાથ મુસ્તક ગુરૂએ ધરી, હરણુ કીધુ તે દુઃખ;
કૃપા પામતાં એહની, વધ્યું તેને બહુ સુખ. ૨
વિભૂતિ અંગે ચોળતાં, દરદ થયું નિજ દૂર.
પુરા ભાવથી સેવતાં સુખ પામ્યો ભરપૂર. ૩
થોડો સમય એમ રહી, વદ્યા ગુરૂજી વાણુ;
શિવ દેવાલય બાંધવુ, પ્રીત ધરી નિર્વાણુ. ૪
સાહિત્યો એકઠાં કરો, લાવો જઇને એહ,
કરવું છે શુભ કામને, એમાં નહીં સદેહ. ૫

શાર્દૂલવિક્રીડિત છંદ.

ભાવીગીર તમે તયાર થઇને, કારીગિરો આણુવા;
કુંભારો ઇટવા કરે જરૂરથી, જાઓ તમો તેડવા;
માટીખાણુ અને વળી કુપ કરી, ચૂના ભઠી તે કરે;

લાવો માણુસ કારીગીર શુભને, ભારે મજૂરી ધરે. ૧
શ્રલી દેવ દયાળ સારૂ શુભતે, મંદીર બાંધો ઘણું;
માટે એહ વિચાર દીલ ધરીને, કામો કરો જે ભણું;
પૈસા પૂરણુ આપવા મન ચહે, તેઓ તણા જેટલા;
માગી કામ પડે તમો મુજકને આપો ગમે તેટલા; ૨

કુંડળીઓ.

યોગીના ફરમાનથી, કરવા માંડયું કામ;
કારીગિરો ઉત્તમ તેડ્યા, તે વારે તે ઠામ;
તે વારે તે ઠામ, કુંભારે પાડી ઇટો ભારે;
ચુનો કરી તૈયાર, ઓધ માર્યા તે વારે;
મજુરીકાર હજાર, કામ કરતા તન મનથી;
આલ્યું દેવળ કામ, યોગીના ફરમાનથી. ૧

દોધક છંદ.

શંકર કામ નવીન બનાવે, તે જનના ધન્યવાદ સહાવે;
કામ કરેં જન હામ ધરીને, ભાવ કરી શિવ નામ ભજીને. ૧
થાય અલૌકિક છોડ નિહાળી, હા મનરે ધન ખર્ચ વિચારી;
તોપણ યોગી ઘણા જનને જ્યાં, દામ હજાર દિધેજ કર્યા ત્યાં. ૨

કુંડળીઓ.

કામ દેવાલયનું થયું, આબેહુબ અપાર;
નજરે નિરખી ત્યાંહ સૌ, હરખે નરને નાર;
હરખે નરને નાર, દેવાલય પેખી ભારી;
ચઢી માળ ને માળ, જુવે કારીગિરિ સારી;

શંભૂ થતાં પ્રસિદ્ધ, દુઃખ લોકોનું અતિ ગયું.
(વાસણ) ગામ નજીક વનમાં, કામ દેવાલયનું થયું.

દોહરા.

એવે ત્યાં દિન એકમાં, કર્યું તસ્કરે કામ;
યોગી ફરવા વન જતાં, ઠામ જોયો તમામ. ૧
દામ લાગ્યા ન હાથમાં, ખાલી ફાંફાં કીધ;
યોગી જન ત્યાં આવતાં, વાત સમજી લીધ. ૨
અંતર્ધ્યાન તેતો થઇ, ગયા એહને ઠામ;
ભાવગીરને જન બધા, વાય્યા સૌ ત્યાં હામ. ૩
આપણુ સૌને સમજ નહિ, એહ હતા સુખ ધામ;
નહિતો લાવે ક્યાંહથી, અવર એટલા દામ. ૪
શીવજી યોગી રૂપથી, કરવા આવ્યા કામ;
તસ્કર કામ પેખી તે, ચાલિ ગયા નિજ ઠામ. ૫
ભાવગીર આંખે ઘણાં, પાડે અશ્રુ ચોધાર;
પડ્યો ધરણી તે ઢળી, કરતો ખુબ પોકાર. ૬

લલિત છંદ.

અરરર નાથજી, કોપ શો કર્યો, મુજ ગરીબને, ધૂળમાં ધર્યો,
મરણુ માહરૂ, કેમ થાય રે, જરૂર તંનથી, જીવ જાય રે. ૧
રખડ તો કર્યો, નાથજી મુને, વિનય ભાવથી, સેવતો તુને;
તુજ તણાં કર્યાં, કામ જેહ છે, સમજ નાથજી શી રિતે થશે. ૨

માલિની છંદ.

જરૂર જરૂર તારી, યાદ ને ખૂબ આવે.
કર કર કર મારી, સહાય તું નીત્ય ભાવે;

ધર ધર ધર ધ્યાને, વીનતી તું સદા એ,
વિસર નહિજ મારી, યાદથી તું કદાએ. ૧

દોહરા.

ભાવગીરે નિલાપથી, લીધી ઉંઘ અપાર;
દીધું સ્વપ્ન નાથે ત્યાં, કરી રૂડો વિચાર. ૧
મમ મંદિરનું કામ તે, કરશે ભારે ભૂપ;
અધૂરૂ કામ પુરૂ થએ, શોભિત થશે અનૂપ. ૨
હું પણ તુને ભાવથી, તેડિશ મારી પાસ;
તું તારા મનમાં ઘણીજ, ધરજે મારી આશ. ૩
સ્વપ્ન સુણી નિજ નાથનું, દુઃખ થયું સૌ દૂર;
નિત્ય શેવા શિવની કરી, પામે સુખ ભરપૂર. ૪
ભાવગીરે અતિ સુખથી, કાઢ્યાં વર્ષ દસ બાર;
પછી સમાધિષ્ટ તે થઇ, ગયા શંભુ દરબાર. ૫



મનહર છંદ.

કારીગિરે કાબિલે મળીને રચ્યું મંદિર તે,
કારીગરી કોટિક પ્રકારે દરશાવી છે;
મંદીર બનાવ્યું બેશ શેષ હું કહું શું તેનું,
કુશળતા કુદરત જેવી ત્યાં બતાવી છે.
ચિત્રકારે રચેલ ઘણાં ચિત્રો તમામ શોભે,
દેવાલય તણી શોભા અંતરમાં ભાવી છે;
વાહ સ્થળ વાહ ભવ્ય ભવન ભવેશ તણું,
નિરખ્યું ન જેણે તેણે આયુષ ગુમાવી છે. ૧

દોહરો.

શ્રાવણ સુદિ અષ્ટમિ દિને, યાત્રા નૈતમ થાય;
નરનારીની જોડમાં, હર્ષ ઉરે નહી માય. ૧
રચે દુકાન વણીક ત્યાં, મળે મેવા મિષ્ટાન;
સજ્જન શોભે ઠાઠમાં, તાતાં ચાવે પાન. ૨
કૈક ફાંકડા છેલ ત્યાં, સજી શુભ શણગાર;
વાંકી મેલે પાઘડી, ખુશબો અત્તર સાર. ૩
નિશાન ડંકા અતિ ઘણા, વાગે વાદ્ય અપાર;
કાંતાઓ શુભ વેશથી, આરાધે ત્રિપુરાર. ૪

હરિગીત છંદ.

જ્યાં મંદ મંદ શુશીત ગાન વાદ્ય ગરજન થાય છે,
સ્થળ પરમ રમ્ય સુ દિવ્ય જોતાં, સજ્જન સૌ હરખાય છે; ૧
ઘોડે તણા અસવાર થઈ જન, જાય મેળામાં ઘણા,
ચાલી પગે પણ ત્યાં જતા, તેવાં તણી ન દિસે મણા. ૨

નારાચ છંદ.

સુજુથ્થ જુથ્થ ભામની જરૂર જ્યાંહિ જાય છે,
નિહાળિ પર્મ રમ્ય સ્થાન હર્ષ ચિત્ત થાય છે;
સવાર સાંઝ ગાડિઓની ઘટ્ટ જામિ જ્યાં રહે,
હજાર આશ ધારિ સાધિ વાસના સમી લહે. ૧

(સ્તુતિ) વસંતતિલકા છંદ.

તારી દયાથી ભવ પાર જરૂર પામે,
અધ્યાત્મ આદિ ત્રય તાપ તમામ વામે;
જ્યાં છે તમારી કરૂણા નહિ ત્યાંજ ખામી,
શંભૂ દયાળ પદ પદ્મ પ્રતે નમામી. ૧
ત્રૈલોક્યનાથ ત્રિપુરારિ કૃતી તમારી,
સુખ્ખે દુઃખે ખબર નાથ લહો અમારી;
જેણે ભજ્યા હર વિપત્તિ સમસ્ત વામી,
શંભૂ દયાળ પદ પદ્મ પ્રતે નમામી. ૨

દોહરા.

પિતા મમ સુખકારી છો, ભજું ધરી હું ભાવ;
તાપ ત્રીવિધના હરી, દુખનો આપ અભાવ. ૧
શ્રીથી સુખ આપી ઘણું, સુખ તારૂં શુભ આપ;
વૈભવ વીવિધ જાતના, આપ ધારી અમાપ. ૨
જન સમૂહમાં તાહરાં, વખાણ નિત્યજ થાય;
નામ જપુ હું તાહરૂં, આપ તારી કૃપાય. ૩
થડકું પાપના કામથી, એવો આપ વિચાર;
આનંદી તુજ નામથી, અવર નહીં નિરધાર. ૪
બહુધા સુખ પામી ઘણાં, ભજુ તુને કિરતાર;

જીભ જપે ગુણ તાહરા, એનો કરૂં વીચાર. ૫
ઓસડ મારે તાહરૂં, આપ વૈદ્ય સાક્ષાત;
જરૂર કૃપા હે તાહરી, હરવા દુઃખ પ્રખ્યાત. ૬

શાર્દૂલવિક્રીડિત છંદ.

ભાવે શીવ ભજો, તમે જન બધા ચિત્તે તજી ગર્વને,
રેવાનું નથિ કોઇ સ્થીર જગમાં જાવું નકી સર્વને;
સંચી તે સુખ દુઃખ સ્નેહ મળવું સેજે બને છે સદા,
સાચો એક સંબંધ શ્રી શિવતણો તે છોડશો ના કદા. ૧
પ્રેમે માત પિતા સુતા સુત અને પ્રેમે બધી સંપતી,
અંતે કો નથિ આપનું સમજજો સંસારની એ રિતી;
સર્વે પૂર્વ સબંધથી જન મળ્યાં કો કોઇ કોનું નથી,
તે માટે તજિ કામ ક્રોધ મમતા શંભુ ભજો પ્રીતથી. ૨

છપય છંદ.

જય જગ પાલક દેવ, જગત સરવેના સ્વામી,
ભક્ત તણા પ્રતિપાળ, ચરણ તુજને શિરનામી;
વિશ્વ તણી ઉત્પતિ, સ્થિતી ને લયના કર્તા,
સ્થાવર-જંગમ તણા, સકળ સંકટના હર્તા,
શ્રી વૈદ્યનાથ દયાળ મુરતિ, તારી મારે મન ધરી;
તુજ ચરણે શીશ નામીને, યથા મતિ કવીતા કરી. ૧